દિવાળી નિમિત્તે પ્રમુખ શ્રી. પરેશ અમરચંદ તરફથી આપણા સમાજને સંદેશો

વડીલો, ભાઈઓ, બહેનો તથા વહાલા બાળકો.

સૌ પ્રથમ આપ સૌને દિવાળી અને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવું છું.

આજે જયારે દીવ વાંઝા દરજી સમાજ યુ.કે. ના આ અત્યંત ખાસ દિવસે આપણે આ દિવાળીનો પર્વ પહેલી વાર ઉજવી રહ્યાં છીએ ત્યારે અત્રે સૌ એકત્રિત થયેલ ભાઈઓ તથા બહેનોનો હું ઘણો આભારી છું.

આ કાર્યક્રમની સૂચના અપાયા બાદ એને અમલમાં મૂકવામાં ખૂબજ ઓછોં સમય મળેલ જે બદલ દીલની ઊંડાઈથી હું ક્ષમા ચાહું છું.

દિવાળીનો આ પર્વ ખૂબજ મહત્વનો હોવાને કારણે અમે બનતી તમામ કોશિશ કરીને આ કાર્યક્રમને અમલમાં મૂક્યો છે, જેમાં બહેન પારુલ જશંતિલાલ, ભાઈ નીતિન જશવંતલાલ, બહેન બબીતા ચંપકલાલ અને ભાઈ દીપક કનકસિંહનો ઘણો આભાર માનું છું. તેઓ જેમ દર વર્ષે કરતાં આવે છે તેમ આ કાર્યક્રમ આ વર્ષે તેઓએ સમાજના નામે અર્પિત કર્યો અને તે માટે તેઓ ખરેખર આપણા સૌના આભારને પાત્ર થયાં છે.

સાથે સાથે *આઈ ટી કન્સલ્ટન્ટ્સ* ભાઈ દક્ષેશ હેમેન્દ્રરાય, ભાઈ વિશાલ અરવિંદ, બહેન ખિલોની ધીરેન, ભાઈ નૂનો ધીરેન અને ભાઈ વિમલ પરેશનો પણ આભાર વ્યક્ત કરું છું, જેઓએ તમામ દસ્તાવેજો અને સૂચનાઓને *ડિજિટલ* માધ્યમ દ્વારા જાહેર કરવામાં ખૂબજ મદદ કરેલ છે. તે ઉપરાંત, હાલમાં આપણા સમાજની *વેબસાઇટ* તૈયાર કરવા માટે ભાઈ દક્ષેશ હેમેન્દ્રરાય અને એમની ટુકડી એના પર કામ કરી રહી છે, જે ટુંક સમયમાં તૈયાર થઇ જશે જેનો લાભ આપણા પૂરા સમાજને મળનાર છે.

આપણા ઉપપ્રમુખ ભાઈ શ્રી દીપક કનકસિંહનો પણ આભાર માનું છું જેમણે યોગ્ય સૂચનાઓ તથા બંધારણની રચના કરવામાં મોટું યોગદાન આપ્યું છે. ભાઈ ઊર્મિલ હસમુખરાય જે આપણા સચિવ છે તેમનો પણ ખૂબ ખૂબ આભાર માનું છું જેમણે ભાઈ દીપક કનકસિંહને આપણા સમાજના બંધારણના ગુજરાતી લખાણમાં નિરીક્ષણ કરવામાં મદદ આપેલ છે.

ભાઈ શ્રી. નહેશ કનૈયાલાલ કે જે પણ આપણા સચિવ છે, તેમનો પણ ખૂબ ખૂબ આભાર માનું છું જેમણે તમામ દસ્તાવેજોનું બારીકીથી નિરીક્ષણ કર્યું છે અને પોતાનું સમર્થન આપ્યું છે.

તમામ કાર્યસંચાલકો, સ્વયંસેવકો અને સંચાલન સમિતિના સભ્યોનો પણ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

આપણા સમાજના બંધારણને ધ્યાનમાં લઇને તેનો *ઈમેઇલ, ફેસબુક પેજ, બેંક*નું ખાતું તથા બંધારણની રચના કરવામાં આવેલ છે. આ તમામ સગવડો એટલા માટે કરેલ છે, કે જેથી કરીને આપણે સહેલાઈથી સમાજની સંસ્થાનો સંપર્ક કરી શકીએ. આપણો સમાજ અહીં યુ.કે.માં હજુ પોતાની પ્રગતિના પહેલાં પહેલાં સોપાન પર છે, પણ એને વધુ આગળ વધારવાની તમન્ના તથા જુસ્સો આપણા સૌ સંચાલન સમિતિના સભ્યોમાં છે.

આપણા સમુદાયના ઇતિહાસમાં પહેલી વાર દીવ સિવાય અને દીવની બહાર આપણા એક અલગ સમાજની નવી સ્થાપના થઇ છે જેનું નામ આપણે "દીવ વાંઝા દરજી સમાજ યુ.કે." એમ આપ્યું છે, અને એ દર્શાવતો સમાજનું એક પ્રતીક ચિહ્ન તૈયાર કરવા માટે આપણે સંચાલન સમિતિના *વોટ્સએપ* પર જાહેરાત પણ કરેલ, જે માટે સંચાલન સમિતિના ઘણાં લોકોએ પોતાની કુશળતા પ્રમાણે વિવિધ પ્રકારના પ્રતીક ચિહ્ન બનાવ્યાં જેમાં ભાઈ શ્રી. મોહિત જીતેન્દ્રએ બનાવેલ  ચિહ્ન બહુમતે પસંદગી પર ખરું ઉતર્યું છે જે આજે આપણા સમાજનું પ્રતીક ચિહ્ન બન્યું છે. આ માટે હું ભાઇ શ્રી. મોહિત જીતેન્દ્રનો ખૂબ ખૂબ આભારી છું.

જ્યારથી આપણા આ સમાજની સ્થાપના થઈ ત્યારથી સમાજના વિકાસ માટે સમાજના સભ્યો તરફથી સ્વૈચ્છિક ફાળો મળવાની શરુઆત થઈ છે. અત્યાર સુધી જરુરી ખર્ચ કાઢ્યા પછી સમાજના ખાતાંમાં કુલ ૧૫૧ પાઉન્ડ એકત્રીત થયાં છે; આ વાતના સંદર્ભમાં સાથે સાથે બીજી એ જાહેરાત કરવાની કે *મોઝામ્બિક* રહેવાસી શ્રીમાન શરદભાઈ ચુનીલાલે સ્વ. ચુનીલાલ ભવાનીદાસ ઉનેવાળ અને પરિવારને નામે નવરાત્રીના શુભ પર્વ નિમિત્તે આપણા સમાજને પાઉન્ડ ૧૨૫ ની ભેટ અર્પણ કરેલ છે જે માટે સંચાલન સમિતિ તરફથી તેમનો પણ ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું.

ગયા રવિવારે *લિસ્બન* રહેવાસી શ્રીમાન ચંપકલાલ મુળચંદે પોતાના *રેડિયો* કાર્યક્રમ, સ્વાગતમ મારફતે આપણા આ કાર્યક્રમની સૂચના પ્રસારણ કરેલ હતી જે માટે તેમનો પણ ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું.

જેમ આપણે બધા જાણીયે છીએ તેમ હાલમાં લેસ્ટર ખાતે નવરાત્રી ઊજવવામાં આવી હતી અને એના અનુસંધાનમાં કહેવાનું રહ્યું કે આપણા સમુદાય માટે એ એક ખૂબજ ગર્વની વાત છે. માટે, આપણા આ સમાજનો મુખ્ય હેતુ એ જ છે કે આપણા સમુદાય અને પરિવારો વચ્ચે આત્મીયતા અને એકતા જળવાય રહે.

આપણા સમાજના બધા જ ભાઈ બહેનોને કોઈ પણ જગ્યાએ આપણા જ ભાઈ બહેનોએ રચિત કાર્યક્રમોમાં ભાગ લેવા માટે પ્રોતસાહિત કરીએ છીએ. અગર આપણે બીજી જ્ઞાતિના સમુદાયના કાર્યક્રમોમાં ભાગ લઈએ છીએ તો શા માટે આપણા ભાઈ બહેનોએ રચિત કોઈ કાર્યક્રમમાં ભાગ ન લઈએ?

આપણા સમાજનો કોઈ પણ વ્યક્તિ અથવા સંગઠન પોતાના અંગત નામે કોઈપણ શહેરમાં કાર્યક્રમ રાખી શકે છે, પરંતુ એ કોઈ કાર્યક્રમ રચતાં પહેલાં હમેશાં આટલું ધ્યાનમાં રાખવું કે એ કાર્યક્રમની તારીખો આપણા જ સમાજના કોઇ બીજા કાર્યક્રમોની તારીખો સાથે ન ટકરાય.

આપણા વચ્ચે એકતા જાળવી રાખવા માટે સૌ ભાઈ બહેનોને મારી નમ્ર વિનંતી છે.

વધારે સમય ન લેતાં, સમાજના તમામ ભાઈ બહેનોનું આ નવું વર્ષ ખુશાલીથી ભરપૂર જાય એવી શુભેચ્છા સાથે હું મારી વાણીને વિરામ આપું છું.

જય શ્રી. કૃષ્ણ

DIU VANZA DARJI SAMAJ UK